# શહેરની પાંચ શાળાઓમાં અંગ્રેજી માધ્યમ શરૂ કરવાની સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં પાંચ સરકારી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટેની સક્રિય વિચારણા હાથ ધરી છે અને આ અંગેની વિધિવત્ જાહેરાત આગામી બજેટ સત્ર દરમ્યાન કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ તેના અંદાજપત્રમાં જુનિ. કે.જી. અને સિની. કે.જી.ના બે વર્ગો ચલાવવાની સાથે તેનો ખર્ચ પણ ઉપાડવાની કરેલી જોગવાઈને પગલે હવે સરકારનુ શિક્ષણ વિભાગ પણ હરકતમાં આવ્યુ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ઈન્દ્રોડા, સેક્ટર-૨૨, ૨૪, સે. ૧૩ અને સે. ૨૯માં આ પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવશે. મનપાએ આ પાંચેય શાળાઓમાં જુનિ. કે.જી. અને સિનીયર કે.જી.ના વર્ગો ચલાવવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ આપવા પણ સરકારને જણાવી દીધુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ તેના નવા વર્ષના બજેટમાં આ માટે રૂ. ૬ લાખની જોગવાઈ કરી છે.

અંગ્રેજી માધ્યમનો વધતો જતો ક્રેઝ ધ્યાને રાખી સરકારે ગાંધીનગરની સરકારી શાળાઓમાં બાળકોનું સ્થાયીકરણ વધે અને શાળાઓનું શિક્ષણ વધુ ગુણવત્તાસભર બનાવવાની પહેલના ભાગરૂપે આ અંગેની વિચારણા કરી હતી. હવે મનપાએ આપેલા સકારાત્મક પ્રતિસાદને

● અનુસંધાન પાન-૭ પર



પ્રકૃતિના નીતનવા સ્વરૂપ આપણને જોવા મળે છે. તે ક્યારેક સોમ્ય ભાસે છે તો ક્યારેક રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. જો મનની આંખો ખુલ્લી રાખો તો પ્રકૃતિના સુક્ષ્મ ફેરફારોને પણ આપણે નિહાળી શકીએ છીએ. પ્રકૃતિનુ બદલાતુ સ્વરૂપ અ રસિક જ ન જોઈ શકે. વસંતપંચમી બાદ ગાંધીનગર જેવા અસંખ્ય વૃક્ષો ધરાવતા નગરનુ સ્વરૂપ બદલાયેલુ જોવા મળી રહ્યુ છે. જાતભાતના વૃક્ષો જુના પર્ણોને ત્યાગી નવા પર્ણોનુ ક્લેવર ધારણ કરી રહ્યો છે. નવા પર્ણો સાથે રંગબેરંગી ફૂલો ખીલી ઉઠતા વૃક્ષ અચ્છાદિત વિસ્તારોમાં નજર ફેરવો તો અલગ અલગ રંગોની આભા ફેલાયેલી જોવા મળે છે. વૃક્ષોએ ત્યજી દીધેલા જુના પાંદડાઓ માર્ગ પર વિખેરાઈ ગયા છે જેના કારણે માર્ગ પર જાણે પીળી ચાદર બિછાવી દીધી હોય તેવુ લાગી રહ્યુ છે અદ્ભૂત પ્રકૃતિને ધન્ય છે..!!

# આ સપ્તાહમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રીએ પહોંચશે હવામાનનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો હવે ધીમીગતિએ વધવાનો આરંભ થઈ ચુક્યો છે જો કે રાત્રિના તાપમાનમાં હાલ કોઈ મોટા ફેરફાર થાય તેવા સંકેતો નથી. આમ ગાંધીનગર જિલ્લાના લોકોને બેવડી ઋતુનો અહેસાસ થશે જો કે આને પગલે જિલ્લામાં શરદી, ખાંસી, ઉધરસના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીન કૃષિ યુનિ. દાંતીવાડા દ્વારા કરાયેલ આગાહીમાં બેવડી ઋતુના સંકેતો મળી રહ્યા છે.

આ આગાહીમાં જણાવાયા મુજબ આગામી પાંચ દિવસમાં બે દિવસ અંશતઃ વાદળછાયુ વાતાવરણ રહેશે. જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૪-૩૫ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૧૮-૧૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૩૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

આ આગાહીમાં પવનની ગતિ ૨ થી ૯ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે.

તાપમાન વધવાથી પાકમાં મોલો જીવાતનું પ્રમાણ ક્ષમ્ય માત્રા કરતાં વધુ જોવા મળે તો તેના નિયંત્રણ માટે ગ્રામસેવક સાથે સંપર્કમાં રહી અને પરામર્શ કરી માર્ગદર્શન મુજબ દવાનો છંટકાવ કરવા જણાવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની નવી કચેરીના બાંધકામનો વિવાદ વધુ વકર્યો : વિપક્ષી નેતાના આકરા પ્રશ્નો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ફાયરબ્રિગેડની જમીનને વિકાસ પરવાનગી ન માંગવાને લઈ વિવાદ વધુ ઘેરો બન્યો છે. આ મુદ્દે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ તંત્ર સામે આંગળી ચીંધતા ઘણા સવાલો કરી અને તંત્રને અગ્નિ પરીક્ષાની સ્થિતિમાં ઉભુ કરી દીધુ છે.

જો કે વિપક્ષના નેતાએ હસતાં હસતાં કહ્યુ હતુ કે કમિશ્નરશ્રી એક પણ સભ્યને તેમના પત્ર કે રજુઆતનો આજ દિવસ સુધી પ્રત્યુત્તર આપ્યો નથી અને સરકાર પણ મુક પ્રેક્ષકની જેમ લોકશાહીની હાંસી ઉડાડતા અધિકારીઓને છાવરી રહી છે આનાથી વધુ ખરાબ સ્થિતિ ક્યારેય હતી જ નહિ.

વિપક્ષી નેતાએ આજે તંત્ર પર પ્રશ્નો અને પેટા પ્રશ્નોનો મારો ચલાવી સ્પષ્ટતા કરવા માંગ કરી છે કે ગાંધીનગર ફાયરબ્રિગેડ બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સેક્ટર-૧૭માં જમીન ફાળવવામાં આવી હતી, હજુ સુધી આ જમીન માર્ગ અને મકાન વિભાગ હસ્તક બતાવે છે, તો નવી બિલ્ડીંગ બનાવતા પહેલા શું માર્ગ અને મકાન વિભાગને આ બાબતે જણાવવામાં આવ્યું છે ? અથવા તો માર્ગ એ મકાન વિભાગના અભિપ્રાય લેવામાં આવ્યા છે કે નહિ તે જણાવશો.

મહાનગરપાલિકાએ ગવર્મેન્ટ નહિ પરંતુ સેમી ગવર્મેન્ટ કહેવાય, તો સેમી ગવર્મેન્ટે બિલ્ડીંગ બનાવતા પહેલા નિયત મુજબ જો જમીનની માલિકી સરકારની હોય તો તેની જરૂરી પરવાનગી લેવાની હોય છે, તો પરવાનગી લીધી છે કે નહિ તે જણાવશો.

સેક્ટર-૧૭ એ એક ગ્રીન ઈન્સ્ટીટ્યુશનલ ઝોન જાહેર કરેલ હોવાથી જીડીસીઆરના એક્ટ મુજબ દસ મીટરથી વધારે ઉંચાઈવાળુ બિલ્ડીંગ બનાવી શકાય નહિ. તો મનપા દ્વારા જે હાલમાં બિલ્ડીંગ બની રહી છે, તેની ઉંચાઈ આશરે ૧૫ થી ૧૬ મીટરની છે તો આ કયા નિયમના આધારે વધારે ઉંચાઈવાળુ બાંધકામ થઈ રહ્યું છે, તેનો ખુલાસો કરશોજી.

તેમણે તેમના આ પત્રમાં અણિયાળા સવાલો પુછતાં એવુ પણ પુછ્યુ છે કે સામાન્ય રીતે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની અંદર જીડીસીઆર એક્ટ મુજબ દસ મીટરથી વધારે ઉંચાઈ ધરાવતા ફ્લેટ હોય તો લીફ્ટ સિવાય બિલ્ડીંગ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના રાયસણ સ્થિત આવાસોની જાળવણીના નામે મીંડુ : રહીશો તોબા

**આવાસોમાં રહેતા રહીશો અનેક દુવિધાઓથી ત્રાહીમામ છે જાળવણી ન થતા રોજ નિતનવા પ્રશ્નો ઉભા થાય છે**

ગાંધીનગર તા ૧૮

ગુડા નિર્મિત રાયસણ સ્થિત આવાસ યોજનામાં દુવિધાઓથી રહીશો પરેશાન છે. ગુડાની આવાસ યોજના આસપાસ પણ કચરાના ઢગ ખડકાયેલા છે. જયારે ગુડાના મકાનોમાં પણ ફરિયાદોનુ નિરાકરણ ન આવતા રહીશો તોબા પોકારી ગયા છે. ગંદકી અને ભેજની સમસ્યાથી આવાસો ખંડેર બનતા જાય છે. આવાસોની જાળવણી યોગ્ય રીતે થાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત રાયસણની આવાસ યોજનામાં દુવિધાઓ રહીશો માટે શિરદર્દનુ કારણ બની છે. રાયસણના પંડિત દિન દયાળ આવાસોમાં જાળવણીના અભાવે અનેક ફરિયાદો સ્થાનિકો માટે મુંઝવણરૂપ બની રહી છે. ગુડા વિસ્તારમાં સ્થિત આ આવાસ યોજના આસપાસ ગંદકીનો ઢગ ખડકાયેલો છે. જયારે આવાસોની દશા પણ દિનપ્રદિન બદતર બનતી જાય છે. આવાસમાં યોગ્ય સફાઈ વ્યવસ્થા નથી જયારે લીફ્ટ પણ વારંવાર બંધ થતા સિનિયર સિટીઝન્સ સહીત મહીલાઓએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. ગુડાની આવાસ યોજનામાં અગાઉ ધાબાની ટાંકીમાંથી પાણી લેક થતુ હોવાની ફરિયાદો પણ કકળાટનુ કારણ બન હતી જેના લીધે રહીશોના ઘરોમાં ભેજનુ પ્રમાણ વધતા નવા આવાસોમાં પોપડા ખરવાનુ પણ શરૂ થઈ ગયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# અતિથિ દેવોની ભાવના વન્યજીવ સંરક્ષણ માટે અનિવાર્ય : રણદીપ હુડ્ડા

**ગાંધીનગરના શાંતિપ્રિય મિજાજથી રણદીપ હુડ્ડા પ્રભાવિત સીએમએસના બ્રાન્ડ એમ્બેસેડર અને બોલીવુડ અભિનેતા રણદીપ હુડ્ડા વૈવિધ્યસભર સાંસ્કૃતિક નૃત્યો નિહાળી દંગ**

ગાંધીનગર તા ૧૮

વન્ય જીવના સંરક્ષણ માટે હવા પાણી અને ખોરાક શુધ્ધ મળી રહે તે માટે સૌ કોઈએ જાગૃત થવાની અનિવાર્યતા છે. આ પશુ પક્ષીઓ માટે અતિથિ દેવોની ભાવના વધુ મજબુત કરી મહેમાનગતિ કરવી અનિવાર્ય છે. ત્યારે તેમની સુરક્ષા સાથે સાનુકુળ કુદરતી વાતાવરણ પણ મળી રહે તે મામલે સજાગ થવાની લાગણી બોલીવુડ અભિનેતા રણદીપ હુડ્ડાએ વ્યકત કરી હતી. મહાત્મા મંદિર ખાતે પ્રારંભ થયેલી વન્ય જીવના સંરક્ષણ અંગેની ઈન્ટરનેશનલ કોન્ફરન્સના પ્રારંભ બાદ રાત્રિના બોલીવુડ અભિનેતાએ રૂફટોપ ડીનર સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ માંણ્યો હતો.



ગાંધીનગરની મુલાકાત દરમિયાન તેમને શહેરનો શાંતિપ્રિય મિજાજ પણ સ્પર્શી ગયો હતો.

મહાત્મા મંદિરમાં સ્થળાંતર કરતા વન્ય પક્ષી પ્રાણીઓના સંરક્ષણ અંગે ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું કેન્દ્ર બનશે

અમદાવાદ, તા.૧૮

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ગુજરાત મુલાકાત પૂર્વે પરિણામ આધારિત અર્થતંત્ર માટે સંશોધન, રોકાણ, શિક્ષણ અને સમુદાય નિર્માણ ક્ષેત્રે સંકળાયેલી અમેરિકા સ્થિત વેન્ચર સ્ટુડિયો કંપની ડીએક્સ.પાર્ટનર્સ દ્વારા ગુજરાતને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું કેન્દ્ર બનાવવા માટે બહુ મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતને વૈશ્વિક ફલક પર આ ક્ષેત્રમાં સ્થાપિત કરવા મોટાપાયે યોજનાઓ ધરાવતી ડીએક્સ.પાર્ટનર્સ દ્વારા તા.૨૨મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં તેના નવા હેડક્વાર્ટરનો સત્તાવાર રીતે પ્રારંભ કરશે. આ નવી ઓફિસમાં ડીએક્સ. પાર્ટનર્સની પોર્ટફોલિયો કંપનીઝ એઆર ઈન્સ્પેક્ટ, ડીએક્સ ફેક્ટર, ડીએક્સ આઉટકમ્સ, ડીએક્સહબ, ડીટુઓ એકેડમી, ડીએક્સએમ્પથી લોન્ચીંગ કરી ભવ્ય ઉજવણી કરશે એમ ડીએક્સ.પાર્ટનર્સ, યુએસના ફાઉન્ડર અને મેનેજિંગ પાર્ટનર શ્રી સુંદીપ સંઘવી અને શ્રી તેજસ શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, ડીએક્સ. પાર્ટનર્સ વર્ષ ૨૦૨૧માં જ આઠ નવા સ્ટાર્ટ-અપ્સમાં રોકાણ કરશે અને આગામી એક વર્ષમાં ૨૦૦થી વધુ ટેક પ્રોફેશનલ્સને નોકરી આપશે અને લાખો ડોલરનું રોકાણ કરશે જેથી ગુજરાત ઝડપથી વિકસી રહેલા ૧.૯ ટ્રિલિયન અમેરિકી ડોલરના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માર્કેટની તકો ઝડપી શકે. ગુજરાત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રનું કેન્દ્ર બનાવાનું આયોજન છે. કંપની ડેટા એન્જિનિયર્સ, ડેટા સાયન્ટિસ્ટ્સ, મશીન લર્નિંગ એન્જિનિયર્સ, ડેવેલપ એન્જિનિયર્સ, સાયબર સિક્યોરિટી સ્પેશિયાલિસ્ટ્સ, સોફ્ટવેર એન્જિનિયર્સ, મોબાઈલ ડેવલપર્સ અને અન્ય મહત્વની ભિમિકાઓ માટે પ્રદેશમાં ડેટા-આધારિત પ્રતિભાઓને નોકરીઓ પૂરી પાડશે. અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં હેડક્વાર્ટર ધરાવતી ડીએક્સ. પાર્ટનર્સ ગુજરાતના અમદાવાદમાં લોન્ચ થનારો સૌપ્રથમ અદ્વિતીય વેન્ચર સ્ટુડિયો છે. ગુજરાતને અમારા ભારતનું હેડક્વાર્ટર બનાવતા અમને ખૂબ ખુશીની લાગણી થઈ રહી છે. આનાથી અમેરિકા અને ભારત, ખાસ કરીને ગુજરાત વચ્ચેના વ્યાપારિક સંબંધો વધુ મજબૂત બનશે. ગુજરાતના પ્રતિભાશીલ યુવકો બહારના રાજયો અને દેશોમાં આ ક્ષેત્રમાં કામ કરવા જતા રહે છે ત્યારે તેઓ ગુજરાતમાં આ ટ્રેન્ડ બદલવા માંગે છે અને તેઓ ગુજરાતમાં જ આ ક્ષેત્રમાં જ સફળ અને સ્થાયી બની શકશે.

**આ રહ્યો તારા પપ્પાનો શર્ટ બચી ગયો ...!!**

# સે-૩ સીમાં વહેલી સવારે ખીચોખીચ કપડા ભરેલી ધોબીની કેબીનમાં આગ ભભુકી

**લગનસરાની સિઝન હોવાના લીધે ઇસ્ત્રીના કપડાનો સ્ટોક વધુ કેબિન સાથે કપડા બળીને રાખ થયા સ્થાનિકો કાગળની જેમ બળીને રાખ થયેલા પોતાના કપડા જોઇ આઘાતમાં સરી પડયા : સે-૧૩માં રહેતા ધોબી પર પસ્તાળ પડી : વહેલી સવારે કોઇ જાણભેદુ તત્વોએ આગ લગાડી હોવાનુ અનુમાન : કપડા બળીને રાખ થયા પણ ધોબીને નવી કેબીન આપવા ફાળો ઉઘરાવાશે સે-૩ સીના રહીશોની માનવતા મહેંકી**





ગાંધીનગર તા ૧૮

આ રહ્યો તારા પપ્પાનો શર્ટ .... સે-૩ સી માં આજે ઉગતા સુરજ સાથે અનોખા અને આંખને ખુંચે તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરમાં સ્થિત શક્તિ ચોક પાસે આગની જ્વાળામાં બળીને રાખ થયેલી કેબીનમાં મહીલાઓ પોતાના પરિવારજનોના કપડા ફંફોસતી નજરે પડી હતી. લગ્નસરાની સિઝન હોવાના લીધે ધોબીની કેબીનમાં કપડાનો સ્ટોક પણ વધુ હતો. જયારે વહેલી સવારે લાગેલી ભેદી આગની જવાળામાં અંદાજિત ૨૦૦ જોડી કપડા કાગળની જેમ બળીને રાખ થઈ ગયા હતા. સ્થાનિક મહીલાઓએ કપડા કોલસાની ભુકી જેવા હાલ જોઈને પસ્તાળ પાડી હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ૨૦મીએ સ્થાયી સમિતિ મળશે

**આ બેઠકમાં શિયાળુ ઋતુ માટે કામચલાઉ શેલ્ટર હોમ બનાવવાની મંજૂરી આપવાની પણ વિચારણા કરાશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી ૨૦મીના રોજ સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૨૦૧૯-૨૦માં મનપાને મળેલ રૂ. ૨૨ કરોડના કરવાના થતાં નવા કામોની દરખાસ્ત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મોકલવા અંગે મહત્વનો નિર્ણય કરવામાં આવશે.

આ બેઠકમાં શિયાળુ ઋતુ માટે કામચલાઉ શેલ્ટર હોમ બનાવવાની મંજૂરી આપવાની પણ વિચારણા કરાશે. મનપા દ્વારા નિર્માણ થનાર શેલ્ટર હોમની કામગીરી થોભાવી દેવાયા બાદ હવે શેલ્ટર હોમની નવી જગ્યા હજુ શોધાઈ નથી ત્યાં કામચલાઉ શેલ્ટર હોમ બનાવવાની વાત પર આ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં સફાઈનુ ટેન્ડર મંજૂર થવામાં થઈ રહેલા વિલંબને પગલે હાલ સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ કામગીરીનો કોન્ટ્રેક્ટ ધરાવતી એજન્સી લક્ષ્મી સિક્યોરીટી ગુજરાત પ્રા.લિ.ની કામગીરી અંગેની મુદત વધારવા અંગે પણ નિર્ણય લેવામાં આવશે.


ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬


**બેસણું**



સ્વ.જસ્ટીસ વિનુભાઈ એચ.ભૈરવિયા (જજ, ગુજરાત અને બોમ્બે હાઈકોર્ટ) ના ધર્મપત્ની અને અમારા માતૃશ્રી નિર્મળાબેન વિનુભાઈ ભૈરવિયા તા.૧૭-૦૨-૨૦૨૦ સોમવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા.૧૯-૦૨-૨૦૨૦ બુધવાર સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પરિશ્રમ ભવન, સિધ્ધાર્થ લૉ કોલેજ કેમ્પસ, સેક્ટર-૧૬, ગાંધીનગર

લિ. જયેશ વી.ભૈરવિયા (જ્યુડિશિયલ મેમ્બર, CAT, પટના (બિહાર)

શ્રીમતી વર્ષા જે.ભૈરવિયા | દિપ્તીબેન વી.ભૈરવિયા

સમગ્ર સિધ્ધાર્થ લૉ કોલેજ પરિવાર


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com